# ધારેવાડા બોર્ડર પર ચેકીંગ દરમિયાન મુંબઈથી ભેંસોની ટ્રકમાં છૂપાઈને આવતા ૧૬ વ્યક્તિઓને પોલીસે ઝડપી પાડ્યા

## લોકડાઉનનો ભંગ કરી ગુજરાતમાં પ્રવેશ કરવા નિતનવા નુસ્ખા અપનાવતા લોકો સામે પોલીસ સખત બની : શેલ્ટર હોમમાં ધકેલાયા





પાલનપુર,
કોરોના મહામારી સામે કેન્દ્ર સરકાર દ્વારા ૩ મેં સુધી લોકડાઉન જાહેર કરવા છતાં લોકો લોકડાઉન નો ભંગ કરી ચોરી છુપી થી એક રાજ્ય થી બીજા રાજ્ય માં મોટી સંખ્યા માં અવરજવર કરતા હોવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે ત્યારે બનાસકાંઠા ની ધારેવાડા બોર્ડર ઉપર મુંબઈ થી ભેંસો ભરી આવતી ટ્રક માં છૂપાઈ ને આવતાં ૧૪ લોકો ને પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરતા ખળભળાટ મચી ગયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ કોરોના મહામારી અંતર્ગત તમામ જિલ્લા ઓની સરહદો સીલ કરવા સાથે બોર્ડરો ઉપર તંત્ર દ્વારા સખત પોલીસ બંદોબસ્ત ગોઠવવા માં આવ્યો છે દરમિયાન બનાસકાંઠા ના છાપી પોલીસ ની હદ માં અને પાટણ જિલ્લા ને અડી ને આવેલ ધારેવાડા ચેકપોસ્ટ ઉપર સિધ્ધપુર તરફ થી આવતી એક ટ્રક પો. હેડ.કોન્સ્ટેબલ પ્રવીણસિંહ , યાજ્ઞિકભાઈ તથા વનાજી એ ઉભી રખાવી તલાશી લેતા ટ્રક ના પાછળ ના ભાગે ભેંસો ભરેલ હતી જ્યારે કનતાણ નું પાટેશન કરેલ એક ભાગ માંથી ૧૪ લોકો ચોરી છુપી થી બનાસકાંઠા માં પ્રવેશ કરવા ની ફિરાક કરતા મળી આવ્યા હતા આ તમામ ની પૂછપરછ કરતા તેઓ મુંબઈ થી વતન આવી રહ્યા હતા જેથી પોલીસે ટ્રક ના ચાલક તેમજ ક્લીનર સહિત કુલ ૧૬ લોકો સામે લોકડાઉન તેમજ સોશિઅલ ડિસ્ટનસિગ નો ભંગ નો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી આ અંગે છાપી પીએસઆઈ એલ.પી.રાણા એ જણાવ્યું હતું કે મુંબઈ થી ભેંસો ની ટ્રક માં છૂપાઈ ને આવતા લોકો વડગામ તાલુકા ના વિવિધ ગામો ના રહેવાસી છે અને તેઓ લોકડાઉન નો ભંગ કરી ને આવ્યા હતા જેથી આ તમામ ૧૬ લોકો સામે કાર્યવાહી હાથ ધરી હોવાનું જણાવ્યું હતું જોકે લોકડાઉન નો ભંગ કરી ટ્રકો માં છૂપાઈ ને આવતા લોકો પોલીસ ચેકીંગ દરમિયાન ઝડપાઈ જતાં પંથક માં ખળભળાટ મચી ગયો હતો



### ભડથ જૈન સંઘ અબોલ પશુઓની વ્હારે

કોરોના મહામારી અને લોકડાઉનના પગલે અબોલ અને મૂંગા પશુઓની હાલત કફોડી બની છે, ત્યારે આવા સમયે અબોલ પશુઓની વ્હારે ભડથ જૈન સંઘ આવ્યું છે. ભડથ ગામના જીવદયા પ્રેમીઓ દ્વારા બાઈવાડા, મોરથલ ગોળીયા, ગેનાજી ગોળીયા, ગોઠ, રબારી ગોળીયા તેમજ ડીસા તાલુકાના અનેક ગામડાઓમાં છેલ્લા ચારેક દિવસથી વાહનોમાં લીલુ ઘાસ ભરીને અબોલ જીવોને આપવામાં આવી રહ્યું છે. આવા કપરા સમયમાં જ્યાં માનવીને જીવન જરૂરિયાતની વસ્તુઓ મળતી નથી ત્યારે અબોલ પ્રાણીઓને લીલા ઘાસનું વિતરણ કરી જીવ બચાવવાનું વિરલ કાર્ય કરવામાં આવી રહ્યું છે તેની ચોમેરથી પ્રસંશા થઈ રહી છે. જેમાં ભડથ ગામના રીંકુભાઈ સંઘવી, મુકેશભાઈ શાહ, કુમારભાઈ ભણસાલી, મુકેશભાઈ ભણશાળી, પંકજ જોશી, લેબસિંહ વાઘેલા, સહિત ભડથ ગામના અનેક અન્ય યુવાનો પણ આ સેવાકાર્યમાં જોડાયા છે.

# ગઠામણમાં એક જ દિવસમાં ૮ પોઝિટિવ કેસ

## બનાસકાંઠા જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૨૯ પહોંચી

પાલનપુર
બનાસકાંઠામાં જિલ્લામાં પાલનપુર તાલુકાના ગઠામણ ગામમાં શનિવારે એક જ દિવસમાં ૮ પોઝિટિવ કેસ નોંધાતા હાહાકાર મચી જવા પામ્યો છે. લોકલ સંક્રમણને લઈ કોરોના વિસ્ફોટ થતાં ગામ હોટસ્પોટ બની ગયું છે. દરમિયાન પાલનપુરના ભાગળ (જ) ગામે કોરોનાએ નવો મોરચો ખોલ્યો છે. જ્યાં એક ૬૫ વર્ષિય વૃદ્ધાનો કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા શનિવારે ટીમો દ્વારા બન્ને ગામમાં સર્વે હાથ ધરી પોઝિટિવ દર્દીઓના પરિવારજનો સહિત સંપર્કમાં આવેલા વ્યક્તિઓને હોમ કોરેન્ટાઇન કરવામાં આવ્યા હતા. દરમિયાન જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યાનો આંકડો ૨૯ થયો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે. જ્યાં પાલનપુર તાલુકાના ગઠામણમાં એક જ દિવસમાં ૮ પોઝિટિવ કેસ નોંધાતા હાહાકાર મચી જવા પામ્યો છે. લોકલ સંક્રમણને લઈ કોરોના વિસ્ફોટ થતાં ગામ હોટસ્પોટ બની ગયું છે. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સીએ જણાવ્યું હતું કે, ગઠામણ ગામે પ્રથમ આધેડને થયેલો કોરોનાનો ચેપ બેસણા સહિતના માધ્યમથી પ્રસરી રહ્યો છે. ગામમાં શનિવારે એક જ દિવસે વધુ ૮ વ્યક્તિઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેની સાથે ગામમાં કોરોના પોઝિટિવ વ્યક્તિઓની સંખ્યા ૨૧ થવા પામી છે. દરમિયાન શુક્રવારે મોડી રાત્રે વધુ એક વ્યક્તિઓનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો હતો. જ્યાં પાલનપુર તાલુકાના ભાગળ (જ) ગામે કોરોનાએ નવો મોરચો ખોલ્યો છે. જ્યાં એક ૬૫ વર્ષિય વૃદ્ધાનો કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

આરોગ્ય વિભાગ દ્વારા શનિવારે વહેલી સવારે જ ટીમો દ્વારા સર્વે હાથ ધરી વૃદ્ધાના પરિવારજનો સહિત સંપર્કમાં આવેલા વ્યક્તિઓને હોમ કોરેન્ટાઇન કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠા જિલ્લામાં અત્યાર સુધીમાં પાલનપુર તાલુકાના ગઠામણ ગામે ૨૧ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે અગાઉ વાવના મીઠાવી ચારણ ગામે પાંચ વર્ષના બાળકનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જોકે, સઘન સારવાર બાદ તે સ્વસ્થ થતાં હોસ્પિટલમાંથી રજા અપાઈ હતી.

વાવ તાલુકાના આકોલી ગામના ૪૮ વર્ષના મહિલા, માવસરી ગામના ૨૨ વર્ષના પુરુષ, દૈયપ ગામનો ૨૦ વર્ષનો પુરુષ, મીઠાવીચારણ ગામના ૨૮ વર્ષનો પુરુષ, થરાદનો પુરુષ, અને છેલ્લે ગઠામણ ગામના યુવક-યુવતીને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અને આ પોઝિટિવ વ્યક્તિઓના સંપર્કમાં આવેલા લોકોને શોધી તેમને હોમ કોરેન્ટાઇન કરવામાં આવ્યા છે. વર્તમાન સમયે બનાસકાંઠામાં કોરોના પોઝિટિવ વ્યક્તિઓની સંખ્યા ૨૯ થવા પામી છે.

### ભાગળ (જ)ના વૃદ્ધાની મુંબઈની હિસ્ટ્રી

બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર તાલુકાના ગઠામણ ગામે અમદાવાદથી આવેલા આધેડનો ચેપ પ્રસરી રહ્યો છે. વાવ અને થરાદ તાલુકામાં સુરતથી આવેલા મીઠાવી ચારણ ગામના બાળકનો ચેપ પ્રસરી રહ્યો છે. જોકે, પાલનપુર તાલુકાના ભાગળ (જ) ગામના વૃદ્ધા મુંબઈની હિસ્ટ્રી ધરાવે છે. આ અંગે જિલ્લા એપિડેમીક ઓફિસર એન. કે. ગર્ગે જણાવ્યું હતું કે, ભાગળ ( જ) ગામના વૃદ્ધા ત્રણ માસ અગાઉ મુંબઈથી આવ્યા હતા. જેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

### કાંકરેજના શિહોરીની મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ

શિહોરીના દેલિયાથરા વિસ્તારની મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવતા ફફડાટ પ્રસર્યો છે. જોકે, આ મહિલા અમદાવાદ ખાતે રહેતી હોવાથી કેસની ગણના બનાસકાંઠામાં નહિ થાય. આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, આ મહિલાએ પાટણની સદભાવના હોસ્પિટલમાં સારવાર લીધી હતી. અને ત્યાંથી અમદાવાદ પરત ફરી હતી. ત્યારબાદ અમદાવાદમાં તેણીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેમ છતાં આરોગ્ય વિભાગ દ્વારા તકેદારીના પગલાં ભરવામાં આવી રહ્યા છે.

### ડીસામાં જાહેરનામાનો ભંગ કરનાર ૩૯ સામે ફરિયાદ

સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસની મહામારીએ હાહાકાર મચાવી દીધો છે આ મહામારી ભારતમાં પણ પ્રવેશી ચુકી છે જેને લઈને સમગ્ર દેશમાં બે તબક્કામાં ૪૦ દિવસનું લોકડાઉન અપાયું છે, ત્યારે લોકડાઉના ૩૧માં દિવસે પણ અનેક લોકો લોકડાઉનના ભંગ કરતા જોવા મળ્યા હતા જેમાં ડીસા શહેરમાં પણ લોકડાઉન હોવા છતાં પણ અનેક લોકો અવારનવાર ખોટા બહાના બતાવી બહાર નીકળીને સતત લોકડાઉનના આદેશનો ભંગ કરી બહાર ફરતા હોય છે. ત્યારે પોલીસે પણ આવા ઈસમો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે જેમાં ગુરુવાર અને શુક્રવારના દિવસ દરમિયાન કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરી લોકડાઉન દરમિયાન બહાર ફરતા ૩૯ ઈસમો સામે કલમ ૧૮૮, ૨૬૯ અને ૧૧૪ હેઠળ કાર્યવાહી ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### નારણપુર-નારસોલી ગ્રૃપ ગ્રામ પંચાયત ધ્વારા માસ્કનું વિતરણ

કોરોના વાયરસનો પ્રકોપ દિન-પ્રતિ-દિન વધતા સર્વત્ર ચિંતાનું મોઝું ફરી વળ્યું છે. વાયરસનું સંક્રમણ ન થાય તે માટે વહીવટી તંત્ર, પોલીસ તંત્ર આરોગ્ય વિભાગના અધિકારીઓ એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. મહામારી વચ્ચે સૌ-કોઈને કોરોના વાયરસથી રક્ષણ મળી રહે તે માટે નારણપુર-નારસોલી ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ, ડે.સરપંચ, તલાટી કમ મંત્રી, વિગેરેએ માસ્કનું વિતરણ કર્યું હતું.



ધી દેરોલ (વાઘેલા) ગૃપ સેવા સહકારી મંડળી વતી ચેરમેન-પ્રકાશભાઈ રાવલ તથા વાઈસ ચેરમેન-રાજેન્દ્રસિહ ચૌહાણ એડવોકેટ અને નોટરી દ્વારા મુખ્યમંત્રી રાહત કોષમાં રૂપિયા પરચીસ હજારનો ચેક નાયબ કલેક્ટર ખેડબ્રહ્મા કૌશિક મોદીને અર્પણ કર્યો હતો.

# ડ્રગ એન્ડ કેમિસ્ટ દુકાનના સંચાલકોની માંગણી, કેમિસ્ટ અને કર્મચારીઓને વીમા કવચની માંગ

કોરોના વાયરસના સંકટના સમયમાં ફ્રન્ટલાઈન વોરિયર્સ તરીકે રાજ્યમાં દવાના વેપારીઓ સેવા આપવા કાર્યરત છે. સાબરકાંઠા-અરવલ્લી ડીસ્ટ્રીકટ



કેમિસ્ટ એસોસિયેશન દ્વારા રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમજ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર કમિશનરને ઉલ્લેખીને જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી રાજયના તમામ ડ્રગ એન્ડ કેમિસ્ટની દુકાનોના સંચાલકો અને કર્મચારીઓને ગવર્મેન્ટ ઈન્સ્યોરન્સ સ્કીમમાં સમાવેશ કરવા સહીત વિવિધ તકેદારી રાખવાની માંગ કરી હતી.

સાબરકાંઠા-અરવલ્લી કેમિસ્ટ એસોસિયેશનના પ્રમુખ દિપક પટેલ, મોડાસા કેમિસ્ટ એસો.ના પ્રમુખ સુરેશ શાહ અને સદસ્યોએ જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે રાજ્યમાં આવેલા ૩૨૦૦૦ કેમિસ્ટ સંચાલકો સહીત કર્મચારીઓને ગવર્મેન્ટ ઈન્સ્યોરન્સ સ્કીમમાં સમાવેશ કરી ૨૫ લાખનું વીમા કવચ, દરેક કેમિસ્ટ કર્મચારીઓની તબીબી ચકાસણી કરવામાં આવે, કેમિસ્ટ દુકાનોનું સેનિટાઈઝેશન કરવામાં આવે, સોશિયલ ડિસ્ટન્સિંગ માટે કેમિસ્ટ સંચાલકોને જવાબદાર ગણવામાં ન આવે. કોવિડ ૧૯ કર્મચારીઓને પાસ આપવામાં આવે જેથી સ્થાનિકકક્ષાએ તેઓને ફરજમાં આવવા જવા માટે કોઈ મુશ્કેલી પડે નહીં સહિતની રજુઆત કરી હતી જેમાં પુલીન મહેતા, અનિલ પટેલ અને રોશન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસા કેમિસ્ટ એસો.ના કેમિસ્ટના જણાવ્યા અનુસાર મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં દિવસે અને ઈમરજન્સી દવાની જરૂરિયાત જણાય ત્યારે કેમિસ્ટોની દુકાનો કાર્યરત રહે છે. કેમિસ્ટ સંચાલકો અને કર્મચારીઓને કોરોના સંક્રમણની શક્યતાને લઈ તેઓને પણ ૨૫ લાખ રૂપિયાનું વીમા કવચ સરકારે આપવું જોઈએ. સાથે દુકાનના પરિસરમાં સ્થાનિક મનપા દ્વારા સેનિટાઈઝેશનની કામગીરી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. રાજ્યમાં આરોગ્ય, ફેર પ્રાઈઝ શોપ સાથે કામ કરતા તમામને વીમા કવચ સહિત વિવિધ સુવિધા મળતી હોય તો કેમિસ્ટોને બાકાત કેમ રાખવામાં આવ્યા છે.

# અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના કુશ્કી ગામને પાંચ કિ.મી વિસ્તારને બફરઝોન જાહેર કરાયો

## કન્ટેઇનમેન્ટ ઝોનના કુશ્કિ ગામના લોકોની અવર જવર ઉપર પ્રતિબંધ

ભિલોડા, તા.૨૪
હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ કોવિડ-૧૯ ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ કોવિડ-૧૯ના કુલ-૧૨૦૦૦થી વધારે કેસો નોંધાયેલ છે.જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ કોવિડ-૧૯ ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ કોવિડ-૧૯ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા પ્રતિબંધીત કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ અઢારમો કેસ નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪, ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે કોવિડ-૧૯નો કોન્ટાઈનમેન્ટ (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે.

કોવિડ-૧૯નો કેસ મળી આવેલ ભિલોડા તાલુકાના કુશ્કી ગામને ૫ કિ.મી ત્રિજયામાં આવેલ વિસ્તારને બફરઝોન વિસ્તાર કોવિડ-૧૯ કોન્ટાઈનમેન્ટ એરીયા તરીકે જાહેર કરવામાં આવેલ છે. જયારે પાંચ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે.

આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્ક્રીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ (તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે.

આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે, આ જાહેરનામુ તા. ૩ મે ૨૦૨૦ સુધી અમલી રહેશે જો કોઈ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ની કલમ-૧૮૮, ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

### પાલનપુરના કાણોદરમાં યુવકે ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

પાલનપુર તાલુકાના કાણોદર ગામના ૨૪ વર્ષીય યુવકે અગમ્ય કારણોસર આપઘાત કરી મોતને વ્હાલું કર્યું હતું. યુવકના મૃતદેહને પોષ્ટમોર્ટમ માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પાલનપુર તાલુકાના કાણોદર ગામમાં રહેતા ૨૪ વર્ષીય કિરણ કાંતિભાઈ પરમાર નામના યુવકે અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જીવન લીલા સંકેલી લીધી હતી. જેના મૃતદેહ ને પોસ્ટમોર્ટમ માટે પાલનપુર સિવિલમાં ખસેડી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મૃતક યુવકના પિતા પાલનપુરમાં દવાની દુકાનમાં નોકરી કરે છે. મૃતક યુવક અને તેના ભાઈના આ વર્ષે લગ્ન થવાના હતા. ત્યારે મૃતક યુવકે આત્મઘાતી પગલું ભરતા તેના પરિવારજનો પર આભ તૂટી પડ્યું છે.